બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

**નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**(વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, પંદરમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ નીલકંઠવર્ણી - હરિભક્તને (૪૯/૯૭)
➩ શીલ ગામથી અઢાર મણ ચીભડાં લોજ લાવવાના હતા ત્યારે એક હરિભક્તે ગાડું લાવવાની વાત કરી ત્યારે નીલકંઠવર્ણીએ કહ્યું.

૨. ➩ નીલકંઠવર્ણી - સેવકરામને (૩૦/૫૫)
➩ સેવકરામ માંદો પડ્યો ત્યારે ચલાય પણ નહિ તેવી હાલત થઈ તેથી તે રોવા લાગ્યો ત્યારે નીલકંઠવર્ણી કહે છે.

૩. ➩ નીલકંઠવર્ણી - સૂર્યનારાયણને (૧૪/૨૫)
➩ નીલકંઠવર્ણીએ કઠોર તપ કર્યું. ત્યાર પછી સૂર્યનારાયણ જ્યારે સાક્ષાત્ મૂર્તિમાન મનુષ્યરૂપ ધરી નીલકંઠવર્ણી સામે પ્રગટ થયા ત્યારે કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. જયરામદાસ જગન્નાથપુરી જવા તૈયાર થયો. (૨૬/૪૭,૪૮)

જ. નીલકંઠવર્ણી જગન્નાથપુરી જવા તૈયાર થયા ત્યારે જયરામદાસને કહ્યું તું અમારી સાથે ચાલ. આપણે અહીંથી જગન્નાથપુરીની જાત્રાએ જવું છે. જયરામદાસને સંબંધીમાં ખૂબ પ્રેમ હતો તેથી તે શરૂઆતમાં આનાકાની કરવા લાગ્યો. પછી નીલકંઠવર્ણીની મરજી જાણી જયરામદાસ જગન્નાથપુરી જવા તૈયાર થયો.

૨. નરસિંહ મહેતાએ કલ્યાણજીને નીલકંઠવર્ણી પાછળ દોડાવ્યો. (૪૨/૮૨)

જ. નરસિંહ મહેતાના ઘરેથી ચાલ્યા જતા નીલકંઠવર્ણીએ નરસિંહ મહેતાના શાલિગ્રામ પર દૃષ્ટિ કરી ત્યાં તો શાલિગ્રામમાંથી તેજ નીકળવા લાગ્યું. માટે મહેતાજીએ બહાર આવી કલ્યાણજીને નીલકંઠવર્ણીની પાછળ દોડાવ્યો.

૩. નીલકંઠવર્ણીએ કઠારી તોડી નાખી. (૧૫/૨૭)

જ. નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં કરતાં મોહનદાસની વૃત્તિ કઠારીમાં રહેતી હતી. નદી ઓળંગતાં મોહનદાસે નીલકંઠવર્ણીને કહ્યું: 'બ્રહ્મચારી ! સાચવજો, પથરા ઉપર પગ મૂકતા લપસશો તો કઠારી તૂટી જશે.' તેમનો મોહ તોડવા નીલકંઠવર્ણીએ કઠારી તોડી નાખી.

**પ્ર.૩** 'રામાનંદ સ્વામીને પત્ર' - (૫૦/૯૮) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

નીલકંઠવર્ણી સાત માસથી આશ્રમમાં આવ્યા છતાં રામાનંદ સ્વામી આવ્યા નહિ. તેથી નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામી પાસે ગુરુનાં દર્શન કરવા કચ્છ જવાની આજ્ઞા માગી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પત્ર લખવાની વાત કરી. આ.સં. ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે નીલકંઠવર્ણીએ રામાનંદ સ્વામીને પત્ર લખ્યો. માણાવદરના મયારામ ભટ્ટે સાત દિવસે ભૂજ પહોંચી રામાનંદ સ્વામીને પત્ર આપ્યો. નીલકંઠવર્ણીના પત્રમાં તેમનો દિવ્ય પ્રભાવ, તેમનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ભાવ હતો. અક્ષરો અર્નિદેશના હતા. ત્યારે સ્વામીએ કહ્યું: 'જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા. સાક્ષાત્ પરબ્રહ્મ સૌને મોક્ષનું દાન દેવા આવી ગયા.' 'ધન્ય ધન્ય વર્ણીરાજ ! અમારા ટળ્યા સર્વ ઉચાટ.' તેમણે ભક્તોને કહ્યું 'આજે આપણાં સર્વનાં જીવનની ધન્ય પળ છે. જેમના દ્વારા ભાગવત્ ધર્મનું સ્થાપન થવાનું છે, લાખો બ્રહ્મરૂપ થઈને બ્રહ્મપુર ધામના અધિકારી બનવાના છે તે વર્ણી ભગવાન લોજમાં પધાર્યા છે. મયારામ ભટ્ટને સાકર આપતાં કહ્યું: 'હું તો તમને આટલું જ આપું છું પણ નીલકંઠવર્ણી તમને ઘણું આપશે, ન્યાલ કરી દેશે. પછી નીલકંઠવર્ણી અને મુક્તાનંદ સ્વામી ઉપર પત્રો લખી ભટ્ટજીને આપ્યા. રસ્તામાં જે ગામ આવે ત્યાં સૌને નીલકંઠવર્ણી પધાર્યા છે તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે તેમ સૌને કહેજો. મુક્તાનંદ સ્વામીના પત્રમાં લખ્યું નીલકંઠવર્ણીને સાચવશો. નીલકંઠવર્ણી આ લોકના નથી. તેમની પાસે સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. અમે વૈશાખ ઊતરતાં આવીશું. નીલકંઠવર્ણીને લખ્યું, 'તમારા દેહની સંભાળ રાખજો. આ દેહે હજુ ઘણાં કામ કરવાનાં છે. અહીં આવવાની ઉતાવળ કરશો નહિ. સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. જેમ તમને અમારાં દર્શનની તાણ છે. તેમ અમને તમારાં દર્શનની તાલાવેલી છે. છતાં સત્સંગના કાર્ય અર્થે વિચરણ કરવું પડે છે. સત્સંગીઓને રાજી રાખવા પડે છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. કૃષ્ણ તંબોળી તળાવમાંથી કમળકાકડી કાઢીને નીલકંઠવર્ણીને જમાડતો. (૨૪/૪૪)
૨. નીલકંઠવર્ણીએ શાલિગ્રામ પર રેડેલું જળ શાલિગ્રામ પી ગયા. (૩૨/૬૩)
૩. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને સંવત ૧૮૫૭ની કાર્તિક સુદ એકાદશી (પ્રબોધિની, દેવઊઠી એકાદશી) ને દિવસે દીક્ષા આપી. (૫૪/૧૦૬)
૪. નીલકંઠવર્ણીના જમણા પગમાં ઊર્ધ્વરેખા, અષ્ટકોણ, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મનાં ચિહ્નો હતાં. (૩૧/૬૦)
૫. રતો બશિયો રાક્ષસ થયો તે પહેલાં તેલંગ દેશનો પવિત્ર અને ધર્મનિષ્ઠ રાજા હતો. (૨૯/૫૨)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૮/૧૫) **૨.** ૨, ૪ (૧૦/૧૮)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** ત્રણ (૩૫/૬૬) **૨.** જન્માષ્ટમીના (૪૫/૮૯) **૩.** રામાનુજાચાર્ય (૩૩/૬૪) **૪.** ગણેશ (૫૫/૧૧૦)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, દસમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ જીવુબા - મહારાજને (૬/૪૨)
➩ મહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે એવો જીવુબાને દૃઢ નિશ્ચય હતો પણ મહારાજનાં દિવ્ય ચરિત્ર જોવા માટે જીવુબા કહે છે.
૨. ➩ મહારાજ - બ્રહ્માનંદ સ્વામીને (૧/૭)
➩ મહારાજ દરેક સંતને ત્રણ હાથનું ટાટ પહેરવા આપતા હતા. બ્રહ્માનંદ સ્વામીએ સ્થૂળ શરીર હોવાથી વધારે કંતાન માંગ્યું ત્યારે મહારાજ કહે છે.
૩. ➩ જોબનપગી - મહારાજને (૫/૩૪)
➩ ઘોડાં ચોરવા ગયેલા જોબનને દરેક ઘોડા ઘોડાએ મહારાજનાં દર્શન થયાં તેથી મહારાજની માફી માંગતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. જેઠાભાઈના જ્ઞાનચક્ષુ ખુલી ગયાં. (૭/૪૩)
જ. યજ્ઞપુરુષદાસજીએ જેઠાભાઈને અક્ષર અને પુરુષોત્તમનાં અનાદિ સ્વરૂપોની નિષ્ઠા દૃઢ કરાવી. ભગતજી મહારાજ, એ યુગલ સ્વરૂપોનું પ્રત્યક્ષ સ્વરૂપ છે, મોક્ષનું દ્વાર છે તે વચનામૃતમાંથી સમજાવ્યું. તેથી જેઠાભાઈના જ્ઞાનચક્ષુ ખુલી ગયાં.
૨. બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ યતિ કહેતા. (૧/૭)
જ. જૂનાગઢમાં મહારાજના સામૈયામાં બ્રહ્માનંદ સ્વામીને બેસવા માટે દ્વેષી નાગરોએ મદોન્મત્ત ઘોડો મોકલ્યો. બ્રહ્માનંદ સ્વામીના સ્પર્શથી જ ઘોડો નરમ પડી ગયો. આથી બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ યતિ કહેતા.

**પ્ર.૯** 'ખૈયા ખત્રી સાથે શાસ્ત્રચર્ચા' (૧/૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે કચ્છમાં પધાર્યા. માંડવીમાં પ્રખર વેદાંતી ખૈયો ખત્રી રહેતો હતો. મહારાજ સાથે તેણે શાસ્ત્રચર્ચા કરવાની ઇચ્છા જણાવી. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને શીખવાડ્યું કે 'ખૈયો આવે ત્યારે તમારે મારી ગાદી ઉપર બેસવું અને હું નીચે બેસીશ. ખૈયો પ્રશ્ન પૂછે ત્યારે તમારે કહેવું તેનો જવાબ મારા શિષ્ય કરશે. સ્વામીને આ વાત અનુચિત લાગી પણ મહારાજની આજ્ઞા આગળ લાચાર હતા. ખૈયો શિષ્યો સાથે આવ્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામી ગાદી ઉપર બેઠેલા હતા. ખૈયાએ બ્રહ્માનંદ સ્વામીને જ ભગવાન જાણીને પ્રશ્નો પૂછયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને બતાવીને કહ્યું તેનો ઉત્તર અમારા આ શિષ્ય કરશે. મહારાજે તેના પ્રશ્નોના સચોટ ઉત્તર કર્યાં. તેથી સ્તબ્ધ થઈ ગયેલા ખૈયાને શંકા થઈ કે આ બેમાં સ્વામિનારાયણ કોણ ? ત્યારે ખૈયાની માએ દૂર બેઠા કહ્યું 'આ નાનો સાધુ બ્રહ્મ છે ને ઉપર બેઠો છે એ ઢગો બ્રહ્મ છે.' તે સમયે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ગાદી પર બેસાડ્યા અને પોતે નીચે બેઠા. ખૈયાની ભ્રાંતિ દૂર થઈ અને તે મહારાજનો આશ્રિત થયો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. અમે પણ ઘણા ભાઈઓ છીએ. તારાથી ડરતા નથી. (૫/૩૩)
૨. આશાભાઈના ઘરમાં આગ લાગી ત્યારે કપાસ, ચણા, ઘઉં વગેરે પાક બળી ગયો. (૮/૫૭)

૩. કંઈ અપરાધ થયો હોય, આપની રુચિ બરાબર ન જાળવી શક્યો હોઉં તો ક્ષમા કરજો. હવે ધામમાં લઈ જાઓ. (૭/૫૧)

૪. દરરોજ જમતી વખતે જોબન પગી મહારાજની અંતિમ વિધિની પ્રસાદીની ભસ્મ લે, મહારાજનું સ્મરણ કરે અને શાંતિ મેળવે. (૫/૩૭)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : તમારું દુઃખ અમારી ગાદી તળે. (૮/૫૫)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૯ | ૧૨ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૯ | ૮ | ૬ | ૪ | ૨ | ૧૨ |

**સૂચના : તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી : દેવીદાનજી**નો જન્મ **ધોળકા** પાસે **બળોલ** ગામે સંવત **૧૮૫૯** ની **કાર્તિક પૂર્ણિમાએ શિવ**ભક્ત **જીજીભાઈ** તથા **બહેનજીબા**ને ઘેર થયો હતો. (૨/૧૩)

૨. **ભક્તરાજ દરબારશ્રી ઝીણાભાઈ : મહારાજ**ના **સમાગમ** સારું ઝીણાભાઈ **ગઢડા**માં **અધવારું** કરતાં એટલે **અડધો** સમય **પંચાળા**માં અને **અડધો** સમય **ગઢડે** રહેતા. (૪/૨૭)

૩. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી : કચ્છ**ના **માંડવી** ગામના **ખૈયા ખત્રી**એ **મહારાજ** સાથે **શાસ્ત્રચર્ચા** કરવાની ઈચ્છા **બતાવી.** (૧/૫)

૪. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી : મહારાજ**ના અંતર્ધાન પછી **સત્સંગ**માં ફરતા શુકમુનિએ શરીર **પુષ્ટ ન** થાય તેટલા માટે **મહારાજ**ને **પ્રાર્થના** કરીને **તાવ** માગ્યો. (૩/૨૧)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **ગુણાતીતના સંગે ગુણાતીત :** (૧) ગુણાતીત એટલે ગુણોથી પર - જે ગુણોથી પર ગુણાતીત અન્યને ગુણાતીત કરી શકે. (૨) ગ.મ. ૩૧ મુજબ મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો બ્રહ્મના ગુણ આવે. જેનું ચિંતવન થાય, જેના ગુણોનું ચિંતવન કરવામાં આવે તેના ગુણો ચિંતવન કરનારમાં આવે. (ઈયળ - ભમરીનું દૃષ્ટાંત) (૩) ગુણાતીતાનંદ સ્વામીએ ૨૦૦ જણાને બ્રહ્મવિદ્યા ભણાવી છે - ગુણાતીત સંગે આ સંતો-ભક્તો ગુણાતીત - અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા છે. (સંતો-ભક્તોના પ્રસંગો - નામ) પ્રાગજી ભક્ત ગુણાતીત સંગે ગુણાતીત થઈ ગયા. (૪) ગુણાતીતાનંદ સ્વામીએ અનેકની ગ્રંથિઓ ગાળી દીધી - સૌને પોતાના જેવા કરી દીધા - રઘુવીરજી મહારાજ - દાજીભાઈ, ઉપેન્દ્રાનંદ સ્વામી વગેરે પ્રસંગો - કામ, ક્રોધ, લોભ, મોહની ગ્રંથિઓ ગાળી દીધી. (૫) વચનામૃતોમાં પણ શ્રીજીમહારાજ કહે છે : સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે પણ ક્યારે ? સત્પુરુષ સાથે કોઈપણ પ્રકારનો અંતરાય ન રાખે, નિષ્કપટપણે વર્તે તો બ્રહ્મના ગુણ આવે. કીર્તન - શ્લોક, સાખી લખી શકાય. પ્રાગજી ભક્ત, જાગા સ્વામીએ અંતરાય ન રાખ્યો, જીવ, મન સોંપી દીધું તો ગુણાતીત થઈ ગયા. (અન્ય પ્રસંગો)

૨. **સંસ્કૃતિનું તેજલ તીર્થ - મંદિર :** સ્કૂલ ઓફ આર્કિટેક્ચરના સંશોધક ડૉ.મિશેલેનું વિધાન ‘મંદિર એ હિન્દુત્વની એક અત્યંત વિલક્ષણ અને કલાત્મક અભિવ્યક્તિ છે - મંદિર હિન્દુત્વનું એક અભિન્ન અંગ છે - સ્થાપત્યના પ્રકાર - બૌદ્ધ ધર્મ - ગૌતમની મૂર્તિઓ - ગાંધીજીની મૂર્તિ એ ઉપાસનાની સહાયક છે - આનંદ શંકર ધ્રુવના ઉદ્‌ગારો - BAPS નો જન્મ મંદિરથી - મંદિર આ સંસ્થાનો પ્રાણમંત્ર - જડ ઈમારત નહિ પણ જીવંત તત્ત્વ - મિશેલની નોંધ હિન્દુત્વ એક જીવંત પ્રણાલી છે - કેનેડાના મંદિરમાં સંસ્કૃતિ પ્રદર્શન. મંદિરમાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - બાળમંડળ, કિશોરમંડળોથી લઈને સત્સંગમંડળો દ્વારા સંસ્કૃતિનો વિકાસ - ભારતીય એટલે કે હિંદુ ધર્મના સંસ્કારો BAPS મંદિરોમાંથી મળે દૃઢતા થાય. તેથી મંદિર એ સંસ્કૃતિનું ઝળઝળતું તેજલ તીર્થ - કથાવાર્તા દ્વારા મુમુક્ષુઓને સંસ્કાર મળે - હિન્દુ સંસ્કૃતિની અસ્મિતા જાગે.

૩. **આદર્શ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ :** (૧) ‘ગુરુ’ શબ્દનો અર્થ ‘ગુ’ એટલે અંધકાર અને ‘રુ’ એટલે પ્રકાશ - જે આપણને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જાય તે ગુરુ. (૨) સાચા અને આદર્શ ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ - ગુરુ, શિષ્યને સંસ્કારી બનાવી ભગવાનની ઓળખાણ કરાવી દે - તેના અજ્ઞાનનો નાશ કરી દે (પ્રસંગો) (૩) પ્રમુખસ્વામી મહારાજ એવા આદર્શ ગુરુ - શાસ્ત્રના મત મુજબ આદર્શ ગુરુ એટલે ગુરુના ગુરુનું વર્તન જોવું, ગુરુનું પોતાનું વર્તન

જોવું અને તેના શિષ્યોનું વર્તન જોવું. (૪) સ્વામીશ્રી આદર્શ ગુરુ - તેઓશ્રીના ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું વર્તન અણીશુદ્ધ, સ્વામીશ્રીનું સ્વયંનું વર્તન અણીશુદ્ધ - તેઓના અનેક શિષ્યો - સંતો - હરિભક્તોનું વર્તન પણ અણીશુદ્ધ (પ્રસંગો) - સ્વામીશ્રી ક્ષમા, સાધુતા, સરળતા, ધીરજ, નિખાલસતા વગેરે દિવ્ય ગુણોથી વિભૂષિત (પ્રસંગો) (૫) આજે સ્વામીશ્રીના લાખો અનુયાયીઓ છે - તેઓનું વર્તન નીતિ, પ્રામાણિકતા, સંસ્કાર વગેરેની છાપ સમાજમાં નિરાળી છે. (પ્રસંગો) પરદેશમાં પણ અનેક દેશોના, રાજ્યોના પ્રધાનો, પ્રમુખો તથા શહેરના મેયરો સ્વામીશ્રીના કાર્યથી, પ્રતિભાથી, સ્વામીશ્રીના અનુયાયીઓથી પ્રભાવિત (પ્રસંગો) (૬) સ્વામીશ્રી એવા ગુરુ શિષ્યોનાં દુઃખે દુઃખી, સુખે સુખી, રાત-દિવસ ભક્તોની ચિંતા, તેમનાં દુઃખો દૂર કરવા માટે મધરાત જોયા વિના વિચરણ, પધરામણી, પત્રલેખન, પ્રાર્થનાઓ કરે (પ્રસંગો) - ભક્તવત્સલતા એવી ભક્તો માટે શું કરી નાખું એવી અંતરની વિશુદ્ધ વિશાળ સમર્પણની ભાવના. (૭) પોતે આદર્શ ગુરુ છતાં આદર્શ સેવક તરીકે નિર્માની વર્તન. (પ્રસંગો)

**નોંધ : પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

❑ ❑ ❑